# FARIYAAD LYRICS | KAJAL MAHERIYA

એ ચો જઇને કરું ફરિયાદ
એ ચો જઇને કરું ફરિયાદ
ચો જઇને કરું ફરિયાદ
ના મળ્યો મને પ્યાર રે…
આંખે આહુડાની ધાર રે…

અલ્યા ચો જઈ ને કરું ફરિયાદ
ચો જઇને કરું ફરિયાદ
કર્યા પ્રેમમાં બુરા હાલ રે…
થઇ જિંદગી પાયમાલ રે…

હો પ્રેમમાં થયું છે મારે તો જબરું
તારા વિના જીવવું મારે તો અઘરું
પ્રેમમાં થયું છે મારે તો જબરું
તારા વિના જીવવું મારે ઘણું અઘરું

એ ચો જઇને કરું ફરિયાદ
ચો જઇને કરું ફરિયાદ
ના મળ્યો મને પ્યાર રે…
આંખે આહુડાની ધાર રે…

એ ના મળ્યો મને પ્યાર રે…
આંખે આહુડાની ધાર રે…

હો… લવ કરીને મારી લાઇફ બગાડી
તું તો ગયો મારી વાટ લગાડી
હો… તારા માટે હું તો આ દુનિયાથી ઝગડી
તોયે તે અલ્યા મારી પત્તર રગડી

એ માથે પડયા મારા પ્રેમનાં ઉજાગરા
કર્યા છે ઘા મારા દિલ ઉપર આકરા
માથે પડયા મારા પ્રેમનાં ઉજાગરા
કર્યા છે ઘા મારા દિલ ઉપર આકરા

અલ્યા ચો જઇને કરું ફરિયાદ
ચો જઇને કરું ફરિયાદ
દિલનાં ટુકડા થયા હજાર રે…
આંખે આહુડાની ધાર રે…

એ ના મળ્યો મને પ્યાર રે…
આંખે આહુડાની ધાર રે…

મારાથી હારી તને મળી જશે રે
મારા જેવો પ્રેમ એ ના કરી શકે રે
હો.. હો… મોઢું જોઈને કોઈનાં પ્રેમમાં ના પડતા
પસ્તાવો થશે ત્યારે નહિ આવડે રડતા

એ હોના જેવા દલિમાં મારા રહેતા ના આવડયું
હાચા મારા પ્રેમને તે કલંક લગાડયું
હોના જેવા દલિમાં મારા રહેતા ના આવડયું
હાચા મારા પ્રેમને તે કલંક લગાડયું

અલ્યા ચો જઈને કરું ફરિયાદ
ચો જઈને કરું ફરિયાદ
કરી જિંદગી આ બેકાર રે…
આંખે આહુડાની ધાર રે…

પ્રેમમાં થયા બુરા હાલ રે…
આંખે આહુડાની ધાર રે…
ના મળ્યો મને પ્યાર રે…
આંખે આહુડાની ધાર રે…

ના મળ્યો મને પ્યાર રે…
આંખે આહુડાની ધાર રે.

GujaratiLyrics.com